# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita

**અંક:** ૧
**તારીખ:** ૦૨/૦૧/૨૦૦૯
રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન
**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ........ 2
સમાચાર - હ્યુસ્ટન આંગણે ગાંધીજીના નિર્વાણદિને શ્રદ્ધાજંલીનો કાર્યક્રમ-અહેવાલ: વિશ્વદીપ બારડ ........ 3
સમાચાર - ગુજરાતી સાહિત્ય સરિતા ની માસિક બેઠક- અહેવાલ: વિશ્વદીપ બારડ ........ 4
આજનો સુવિચાર - ગીરીશ દેસાઈ ........ 5
શાને માટે? -પ્રદીપ બ્રહ્મભટ્ટ ........ 5
હાઈકુ - શૈલા મુન્શા ........ 5
વિશ્વસંદેશ- દેવિકાબેન ધ્રુવ ........ 6
જિંદગી - નવિન બેંકર ........ 6
રંગબેરંગી - દીલીપ પરીખ ........ 7
આજની કડી - જીત્યું હંમેશા ગુજરાત ........ 8
૨૦૦૯ની શુભેચ્છા!!- વિશ્વદીપ બારડ ........ 9
મને આપ્યું અબ્દુલ રઝાક ‘રસિક’ મેઘાણી ........ 10
અને અંતે ........ 10


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

# સમાચાર - હ્યુસ્ટન આંગણે ગાંધીજીના નિર્વાણદિને શ્રદ્ધાજંલીનો કાર્યક્રમ-અહેવાલ: વિશ્વદીપ બારડ



**(ડાબી બાજુથી. અતુલભાઈ કોઠારી, બીજી તસ્વીરમાં ગાંધીજીને શ્રદ્ધાજંલી પ્રવચન આપતાં માનનિય કૉનસલ જનરલ ઓફ ઈન્ડિયા શ્રી સંજય અરોરા અને સભા દ્રષ્ટી ગોચર થાય છે)**

**મહાત્માગાંધી લાયબ્રેરી,આઈ.સી.સી., ગુજરાતી સાહિત્ય સરિતા** તેમજ અન્ય સંસ્થાના સંયુક્ત સંયોગથી પ્રથમવાર હ્યુસ્ટનના આંગણે, જાન્યુઆરી ૩૧, ૨૦૦૯ને શનીવારે "ગાંધી નિર્વાણદિનના" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સાબરમતીનાં સંત અને એક યુગ પુરૂષ, વિશ્વના માનિતા એવાં ગાંધીજીને શ્રદ્ધાજંલી અર્પવા ડાઉન-ટાઉન, હરમનપાર્કમાં, સવારે ૧૦ વાગે ગાંધીબાપૂની મૂર્તિને ફૂલહાર પહેરાવી, "**રઘુપતિ રાઘવ રાજારામ**"ની ધુન લગાવી સૌ જનસમુદાય નીકળી 'ઈન્ડિયા હાઉસ'માં આવેલ. જ્યાં સભાનું સુકાન **ડૉ.મનીષ વાણીએ** સંભાળેલ.ગાંધીજીનાં પ્રિય એવા ભજનો, કવિતાના આયોજન અને ગાંધીજીને શ્રદ્ધાજંલી અર્પતા બે મિનિટ મૌન સાથે સવારે ૧૧ વાગે માનનિય **કૉનસલ જનરલ ઓફ ઈન્ડિયા શ્રી સંજય અરોરાએ** ગાંધીજીને શ્રદ્ધાજંલી અર્પતા કહેલ કે '**ઓકટોબર ૨,મહાત્માગાંધીનો જન્મદિવસ આખા વિશ્વમાં નૉન-વાયોલન્સ દિવસ** તરીકે ઉજવવામાં આવશે,જે યુનાટેડ નેશનમાં સર્વાનુમતીએ પસાર કર્યો એક ગૌરવની વાત છે.'



ગાંધીજીની અહિંસા પ્રવૃત્તિ સ્વીકારનારા સ્વ.માર્ટીન લ્યુથર કીંગની પ્રશંસા કરેલ.ત્યારબાદ ગાંધી લાયેબ્રેરીના સ્થાપક **અતુલભાઈ કોઠારીએ** ગાંધીજીને શ્રદ્ધાજંલી અર્પી, **મનોજભાઈ અને કલ્પના મહેતાએ** તેમના મધુર રાગ સાથે '**વૈષ્વણજન તો તેને રે કહીએ..**' ગાઈ સૌને ભાવ-વિભોર કરેલ,તેમજ **ફતેહઅલી ચતૂરે** ગાંધીજી વિષે હીન્દી કાવ્ય પઠન અને **નિખીલ મહેતાએ** ઉમાશંકર જોષીએ લખેલ ગીત **"મારું જીવન તે મારી વાણી"** જે ગાંધીજીને અર્પણ કરેલ તે મધુરકંઠે ગાયેલ. હ્યુસ્ટન યુનિટી ચર્ચના બે પ્રતિનિધી સભ્યોએ પોતાના ચર્ચમાં ચાલતાં વર્ગ "**ગાંધીના વિચારો અને એમની પશ્ચિમદેશો પર અસર**"વિષે સુંદર વાતો કરેલ, ઉપરાંત **શ્રી દેવ મહાજને** ગાંધી લાયબ્રેરીની આગળ ધપતી પ્રવૃતીનું પ્રવચન સાથે સૌનો અભાર માની પ્રથમ દોરની સભાની પૂર્ણાહુતી જાહેર કરેલ ત્યારબાદ "રઘુપતિ રાઘવ રાજા રામ"ની ધુનબાદ બપોરના બાર વાગે અલ્પાહાર માટે વિશ્રાંતી લીધી, ડૉ. મનીષ વાણીએ સમયને સાચવીને પ્રથમદોરનું સુંદર રીતે આયોજન કરેલ.

# સમાચાર - ગુજરાતી સાહિત્ય સરિતા ની માસિક બેઠક- અહેવાલ: વિશ્વદીપ બારડ





**પ્રથમ છબીમાં શાયર જનાબ રસિક મેઘાણી પોતાની કૃતિ રજુ કરી રહ્યા છે. વચ્ચેની તસ્વીરમાં શ્રી વિશ્વદીપ બારડ, વિજય શાહ, પ્રકાશ દેસાઈ અને જયંત પટેલ છે અને છેલ્લી તસ્વીરમાં વિશાલ મોણપરા પોતાની કૃતિની રજુઆત કરી રહ્યા છે**

બપોર બાદ હ્યુસ્ટનમાં ચાલતી ગુજરાતી સાહિત્યની માસિક બેઠક **વિજયભાઈ શાહ, વિશ્વદીપ બારડ અને જયંત પટેલના** આયોજન હેઠળ શરુ થઈ. બીજો દોર દરમ્યાન **ગુજરાતી સમાજના પ્રમૂખશ્રી પ્રકાશ દેસાઈ** એ આમંત્રીત અતિથી તરીકે હાજરી આપી. કાર્યક્રમની શરૂઆત **રેખા બારડે કવિયત્રી દેવિકાબેન ધ્રુવ** રચિત પ્રાર્થના **'ગાંધી પ્રિયજન નિજને રે કહીએ**" ગીત ગાયા બાદ **સરયુબેન પરીખે** સ્વરચિત કાવ્ય સાથે "ઑસ્ટીન" સ્થળાંતરની વાત રજુ કરી,**રસિક મેઘાણીએ** પોતાની આગવી શૈલીમાં પોતાની ગઝલ કહી, **નુરુદીન દરેડિયા સાહેબે** ગાંધીજીની નાની નાની સુંદર કવિતાઓ સંભળાવેલ. **વિશ્વદીપ બારડે** ગાંધીજી વિશે લખેલ સ્વરચિત કાવ્ય "આંધીઓ છે ઉમટે ને અંધતા આભે અડે, સત્યની પદપંકતિને ના કોઈ વંટોળો નડે" સુંદર શૈલીમાં રજૂ કરેલ.

**ગુજરાત દર્પણ દ્વારા પ્રકાશીત પુસ્તક 'દરિયા પારના સર્જકો'** ખ્યાલ આપતા વિશ્વદીપે કહેલ કે પરદેશમાં રહી ગુજરાતી ભાષા તેમજ સાહિત્યને જીવંત રાખતા ૧૩૬ ઉપરાંત સાહિયકારોનો આ પુસ્તકમાં સમાવેશ છે જેમાં ૧૩ સાહિત્યકારો હ્યુસ્ટનના છે તે હ્યુસ્ટન અને ગુજરાતી સાહિત્ય સરિતા માટે ઘણાંજ ગૌરવની વાત છે. **કવિશ્રી મનોજ મહેતાએ** પોતાનું કાવ્ય ગીત શૈલીમાં,**સતીશ પરીખે** ગાંધીજીને શ્રદ્ધાજંલી અર્પતો લેખ,**વિજય શાહે** સ્વરચિત લાગણીશીલ કાવ્ય પોતાની આગવી છટાથી રજૂ કરેલ.**ભગવાનદાસ પટેલ તેમજ દીપકભાઈ ભટ્ટ, નીરાબેન શાહે** સમયોચીત વાતો કરી.**અતુલભાઈ કોઠારીએ** ગુજરાતી સાહિત્ય સરિતાનો આભાર વ્યક્ત કરતાં કહેલ કે "હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતા"ના સભ્ય શ્રી વિશ્વદીપ , રેખાબેન, દીપકભાઈ,ગીતાબેન ,સતીશભાઈ, અને અન્ય સભ્યોએ હંમેશા ગાંધી લાયબ્રેરી અને એમની દરેક પ્રવૃતીમાં સહાયરૂપ રહ્યા છે એનું મને ગૌરવ છે'.હ્યુસ્ટનના **યુવાન કવિ વિશાલ મોણપરા** જે કવિ ઉપરાંત વેબ માસ્ટર પણ છે જેમની ગુજરાતી લીપી , બ્લોગ જગતને આપી ઘણુંજ મહત્વનું પ્રદાન કરેલ છે તેમણે સભ્યોને વેબ તાલીમ આપવા વેબ કોન્ફરન્સ આયોજવાનું સુચન કર્યું. . **કાંતીભાઈ શાહ તેમજ નવિનભાઈ બેંકરે** ગુજરાતી લાયબ્રેરીના પુસ્તકોની વિગતવાર અહેવાલ આપેલ.

બેઠકના અંતે સભા સંચાલક શ્રી વિજયભાઈ શાહે ગુજરાતી સાહિત્ય સરિતા વતી આજના કાર્યક્રમની તેમજ અલ્પાહાર અને અન્ય ખર્ચની જવાબદારી હર્ષભેર નિભાવનાર **શ્રી અતુલભાઈ કોઠારી તેમજ તેમના ધર્મપત્નિ રીટાબેનનો** આભાર વ્યક્ત કરી સભાની પૂર્ણાહુતી કરી હતી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આજનો સુવિચાર - ગીરીશ દેસાઈ

સ્વપ્ના જોવા હોય તો ઊંઘો  પણ સાર્થક કરવા હોય તો જાગો

# શાને માટે? -પ્રદીપ બ્રહ્મભટ્ટ

મનમાં જાગે હેત, જ્યાં વરસે પ્રેમની વર્ષા
જન્મ મળતા જીવનમાં,  પ્રેમ શાને માટે?
........મનમાં જાગે હેત.
જન્મ મળે જ્યાં અવનીએ, ત્યાં માતાપિતા હરખાય
પાવક પ્રેમની જ્વાળા, આશિર્વાદે મળી જાય
ઉજ્વળ જીવન દીસે અનેક, જ્યાં માનવતા મહેંકાય
પ્રેમની વર્ષા મળી જતી, ને હૈયા ઉભરાઇ જાય
........મનમાં જાગે હેત.
સંતાનનો ત્યાં લાગે સ્નેહ,  ને સગા હરખાય આજે
મળતી માયા માબાપને,  સુખ સમૃધ્ધિ કાજે
લાગી લગની ભક્તિની,  જ્યાં ભક્ત જલારામ ભજાય
અંત જીવનો ઉજ્વળ થાશે,  તો ચિંતા શાને માટે?
........મનમાં જાગે હેત

# હાઈકુ - શૈલા મુન્શા

આથમતી તે
રજનીનો ઊજાશ
ચમક્યાં તારા

ઉગ્યું પ્રભાત
નવોઢા નું સિંદુર
સુર્ય લાલીમા

વાસંતી વાયુ
વાયરાનુ અડવુ
ફુલો મલક્યાં

ધવલ રૂપે
બરફનાં ઢગલા
જો હિમાલય.

**- તા.૧/૨૯/૨૦૦૯**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વિશ્વસંદેશ- દેવિકાબેન ધ્રુવ




( "વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે"….ના રાગમાં )

ગાંધી-પ્રિયજન નિજને રે કહીએ જો, પરદુઃખ ભંજક થઇએ રે…….

સત્ય, અહિંસા, સમજી સાચા, વિશ્વ-માનવ બનીએ રે…………

સકળ લોક શાંતિને ઝંખે, ના તો યે કોઇ પામે રે;

મન-વચનને ઉંચા રાખી, કર્મમાં વણી લઇએ રે…………ગાંધી પ્રિયજન નિજને

વણ-કપટી ને સ્વાર્થો ત્યાગી, પ્રેમજ્યોત જગાવીએ,

ભૂલથી કદી અસત્ય ન બોલી,પરધન મન નવ ધરીએ રે….. ગાંધી પ્રિયજન

પ્યાલો ખાલી અડધો નીરખી, અડધો ભરેલો કહીએ રે,

આવો, મર્મ હવે સમજીને, વિશ્વમાનવ બનીએ રે……. .ગાંધી પ્રિયજન નિજને

"વાનર ત્રણ"નો બોધ મૂકીને,જગ જીતી એ ચાલ્યા રે,

ગાંધીનો પૈગામ એ પામી, વિશ્વચરણ કઇંક ધરીએ રે….ગાંધી પ્રિયજન નિજને

# જિંદગી - નવિન બેંકર

જિંદગી ઔર મોત તો સિર્ફ એક બહાના હે
હમ ના સમજે યે કૈસા આના જાના હે

---

મૉત તો એક રોજ આની હય, તો ડરના ક્યા હય ?
હમ સદા ખેલ હી સમઝા કિયે, મરના ક્યા હય ?

---

આખી જિંદગીમાં જે નથી સમજાતું તે
ઘણીવાર જીવનની ઢળતી સંધ્યાએ સમજાય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# રંગબેરંગી - દીલીપ પરીખ





# આજની કડી - જીત્યું હંમેશા ગુજરાત

સ્વર્ણિમ ગુજરાત
1960 - 2010

ગુજરાતનું રાજ્યગીત ૨૫ પ્રસિધ્ધ ગુજરાતી ગાયકો અને ગાયિકાઓ દ્વારા ગવાયેલું છે.

પ્રફુલ્લ દવે, ઐશ્વર્યા મજમુદાર, પદ્મશ્રી દિવાળીબેન ભીલ, આસીત દેસાઈ,હરી ભરવાડ, મૌલિ દવે, આરતી મુન્શી, આલાપ દેસાઈ,હાર્દિક દવે, શ્યામલ મુન્શી,સૌમીલ મુન્શી, અભેસીંહ રાઠોડ, અચલ મહેતા, ઉદય મજમુદાર્ ફાલ્ગુની શેઠ, દીલીપ ધોળકીયા,પુરુશોત્તમ ઉપાધ્યાય્ હેમા દેસાઈ, હેમંત ચૌહાણ, કરસન સગથીયા, કીર્તિ સગથિયા, નીરજ પરીખ બીહારીદાન ગઢવી, દમયંતી બરડાઈ, ભારતી કુંચાલા,વિરાજ ઉપાધ્યાય અને બીજલ ઉપાધ્યાય વડે ગવાયેલું આ રાજ્ય ગીત જુના યુધ્ધ ગીત કસુંબીનાં રંગ  રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી વડે લખાયેલ અને ઉત્તમ ગાયક હેમુ ગઢવી વડે ગવાયેલ તેનાં પર થી પ્રેરીત થયેલુ છે. જોવા માટે નીચેની કડી પર ક્લીક કરો.

http://in.youtube.com/watch?v=elZkODDMXHk

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ૨૦૦૯ની શુભેચ્છા!!- વિશ્વદીપ બારડ



અમે બાળનાના,
ફૂલ-પાનથી પણ નાના!
સ્વિકારજો શુભેચ્છા અમારી.

ના કોઇ યુધ્ધ, ના કોઇ તુફાન,
શાંતી રહે જગમાં..ના રહે કોઇ હિંસા,
જગતમા વિહારિયે વિના કોઇ ચિંતા!

અમો તો બાળનાના!
ઉડવું છે ઉંડા આકાશમાં,
જવું છે દુર દુર આકાશ ગંગામાં,
ગ્રહો સાથે દોસ્તી કરી,
રચવું એક એનોખું બ્રહ્માંડ અમારે!
બસ સૌ શાતીથી સાથે રહીએ!
રચવી છે અનોખી દુનિયા અમારે!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મને આપ્યું અબ્દુલ રઝાક 'રસિક' મેઘાણી



પ્રેમભીનું વલણ મને આપ્યું,
દર્દેદિલનું શરણ મને આપ્યું.

લોહી ટપકે ધબકતા દિલ સાથે,
લાગણીનું ઝરણ મને આપ્યું.

ધોમ તડકો ઉઘાડા આભ તળે,
ચાલવા આખું રણ મને આપ્યું.

જિંદગી આખી જીવવા માટે,
મોતનું વિસ્તરણ મને આપ્યું.

એટલે આમતેમ ભાગું છું,
આ નગરનું હરણ મને આપ્યું.

જિંદગીના ઉદાસ રસ્તામાં,
બંધ ઘરનું ભ્રમણ મને આપ્યું.

સૂર્ય આખો 'રસિક'ના પાલવમાં,
તારલાનું કિરણ મને આપ્યું.

# અને અંતે

હ્યુસ્ટન સ્થિત ગુજરાતી સાહિત્ય સરિતાના સભ્યો દ્વારા એક સામયિક બહાર પાડવાનો આ નમ્ર પ્રયાસ છે. આ સામયિકમાં છેલ્લાં એક મહિનામાં હ્યુસ્ટન તથા દેશ્-વિદેશમાં વસતાં લેખકો, ચિત્રકારોએ આ વિશ્વને અર્પેલ કૃતિઓને આપના સુધી પહોંચાડતા ગુજરાતી સાહિત્ય સરિતા ધન્યતા અનુભવે છે. અમારો આ પ્રયાસ આપને કેવો લાગ્યો તે આપને જણાવવા માટે વિનંતી છે. આપના સૂચનો અમોને આવકાર્ય છે. આપ પણ જો આપની કૃતિને આ સામયિકમાં સમાવવા માંગતાં હો તો આપનો લેખ અમને મોકલી આપવા વિનંતી.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.